

# કાશ્મીરના પુલવામામાં આતંકી હુમલામાં ૪૦ જવાનો શહીદોની ઘટનાથી અરવલ્લીમાં શોકાગ્નિની : શ્રદ્ધાંજલિ અર્પી

જમ્મૂ-કાશ્મીરના પુલવામા જીલ્લામાં ગુરુવારે જૈશ-એ-મોહમ્મદના એક આતંકીએ દેશના અત્યાર સુધીના આત્મઘાતી હુમલો કરીને અંજામ આપતા હુમલામાં સીઆરપીએફના ૪૦થી વધુ જવાનો શહીદ થયા છે. જ્યારે ૪૫થી પણ વધારે જવાનોને ગંભીર ઈજાઓ પહોંચી છે. સમગ્ર દેશના પ્રજાજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. અરવલ્લી જીલ્લાના પ્રજાજનોમાં શોકનો માહોલ છવાયો છે. જીલ્લામાં ઠેર ઠેર વીર શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી અને મૌન કેન્ડલ રેલી યોજી હતી. ગુરુવારે રાત્રીના સુમારે ડીપ વિસ્તારમાં સમાજસેવી નિલેશ જોશી અને જેસીઆઈ ટિમ દ્વારા કેન્ડલ રેલી યોજી હતી. અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચાર રસ્તા પર વિવિધ સંસ્થાઓ, અગ્રણીઓ અને નગરજનો સ્વંયભુ ઉમટી પુલવામાં સી.આર.પી.એફ.ના ૨૫૦૦થી વધારે જવાનોના કાફલા પર આતંકી હુમલો થતા ૪૦થી વધુ જવાનો શહીદ થતા લોકોની આંખો ભીની થઈ જવાની સાથે રડી પડ્યા હતા અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. મોડાસા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ચાર રસ્તા ખાતે કેન્ડલમાર્ચ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પી હતી. બાયડ તાલુકા કોંગ્રેસે આતંકવાદી પૂતળા દહન કરી પાકિસ્તાન મુર્દા બાદના નારા લગાવી મૌન રેલી દ્વારા શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## અરવલ્લી જિલ્લામાં પુલવામાં આતંકવાદી હુમલાના પગલે હાઈએલર્ટ : રતનપુર ચેકપોસ્ટ પર સઘન ચેકીંગ

મોડાસા, તા. ૧૫

જમ્મુથી ૭૮ વાહનો મારફતે ૨૫૬૭ જવાનોનો કાફલો શ્રીનગર જવા રવાના થયો ત્યારે આવેલ રતનપુર બોર્ડર સહીત જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી પસાર થતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. જીલ્લા પોલીસ તંત્ર અને આંતરરાજ્ય સરહદો પરથી પસાર થતા વાહનોના નંબર અને વાહનચાલકોને નામ અને સંપૂર્ણ



પુલવામાં નજીક આતંકવાદી હુમલાના પગલે ૪૦થી વધુ જવાનો શહીદ થવાની સાથે ૪૫થી વધુ જવાનો ઘાયલ થતા સમગ્ર દેશ હચમચી ઉઠ્યો છે. અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે સુરક્ષાને ધ્યાનમાં રાખી શામળાજી-ઉદેપુર નેશનલ હાઈવે નં-૪૮ પર

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા જીલ્લાને જોડતી તમામ આંતરરાજ્ય સરહદો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરી રાઉન્ડ ધી કલોક કામગીરી હાથ ધરી હતી. સુરક્ષાના પગલે જીલ્લા પોલીસવડાના હાઈ એલર્ટ અપાતા ડિટેઈલ્સ લખવાની કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે. શામળાજી પીએસઆઈ મેહુલ ચૌહાણ અને એમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક વાહનોનું સઘન ચેકીંગ સાથે હાઈવે પર અલગ-અલગ ટીમો બનાવી પેટ્રોલિંગની કામગીરી હાથ ધરી છે.



### પાલનપુરમાં રાષ્ટ્રવાદીઓ દ્વારા આતંકવાદના પુતળાનું દહન કરાયુ

જમ્મુ-કાશ્મીરના પુલવામાં આંતકી હુમલામાં ૪૦ જેટલા જવાનો શહીદ થતા દેશભરમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ત્યારે પાલનપુરના ગુરુનાનક ચોકમાં પણ રાષ્ટ્રવાદીઓ દ્વારા પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર વચ્ચે આંતકવાદના પૂતળાનું દહન કરાયું હતું. પાલનપુરના ગુરુનાનક ચોકમાં સાંજે પાંચ વાગે શહેરના તમામ હિન્દુ સંગઠનો તેમજ રાષ્ટ્રવાદી નાગરિકો દ્વારા આંતકી હુમલાના વિરોધમાં આતંકવાદીઓના પુતળાનું જાહેરમાં દહન કરાયું હતું. તેમજ પૂતળાદહન ટાણે ×પાકિસ્તાન હાય હાય×, ×પાકિસ્તાન મુર્દાબાદ× ના નારા લગાવીને ગુરુનાનક ચોકને ગજવી મૂકયો હતો. આ પ્રસંગે હિન્દુ સંગઠનો એ આતંકવાદી હુમલા ને સખત શબ્દો મા વખોડી કાઢી વિરોધ કરતા પાકિસ્તાનને પાઠ ભણાવવાની માંગ કરી હતી.

## વિજયનગર તાલુકાના કોડિયાવાળા ગામમાં રોષ

**પુલવામાં થયેલા આતંકી હુમલા મામલે રોષ : કોડિયાવાળા ગામના ૭૦૦થી વધુ જવાનો છે સેનામાં : નિવૃત્ત જવાનોમાં આતંકી ઘટના મામલે ભારે આક્રોશ**

ભિલોડા, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના વિજયનગરનું કોડીયાવાડા ગામ સૈનિકોનું ગામ છે. આ ગામમાંથી ૭૦૦થી વધુ જવાનો દેશની રક્ષા કરી રહ્યા છે ત્યારે ગઈકાલે થયેલ આતંકી હુમલાને નિવૃત્ત સૈનિકોએ વખોડી કાઢી હતી. સરકારે મજબુત પગલા લેવા જોઈએ તેવી માંગ ઉઠી હતી. ત્યારે નિવૃત્ત સૈનિકોની હાજરીમાં કોડીયાવાડા ગામમાં પ્રાથમિક શાળાના બાળકોએ બે મિનીટનું મૌન પાડી શહીદોને શ્રદ્ધાંજલી આપી હતી.

કોડીયાવાડા પ્રામિક શાળાના બાળકોમાં પણ આક્રોશ જોવા મળ્યો તેમના પિતા પરિવારજનો દેશની રક્ષા કરી રહ્યા છે. ત્યારે તેમણે પણ સેનામાં જવાની ઈચ્છા દર્શાવી હતી અને આતંકીઓનો ખાત્મો કરવાની તત્પરતા દેખાડી હતી. દેશપ્રેમીઓએ જણાવ્યું હતું કે પાર્થને કહો ચઢાવે બાણ... હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.

## પાકિસ્તાન પ્રેરિત કાયરતાપૂર્ણ હુમલામાં શહીદ થયેલા જવાનોને બનાસ ડેરીની શ્રધ્ધાંજલી

પાલનપુર, તા. ૧૫

પાકિસ્તાન પ્રેરિત આંતકવાદી સંઘઠન જૈશે મોહમ્મદ દ્વારા કરાયેલા કાયરતાપૂર્ણ હુમલામાં શહીદ થયેલા સીઆરપીએફના વીર જવાનોને બનાસ ડેરીના કર્મચારીઓએ બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી પાઠવી અને જવાનોના પરિજનોને આ કપરી ઘડીને સહન કરવાની શક્તિ આપે તેવી ઈશ્વરને સૌએ સાથે મળીને પ્રાર્થના કરી હતી.

## મહીસાગરમાં દેખાયેલ વાઘે શહેરા તાલુકાના ગઢ ગામે જંગલમાં ચારો ચરતાં ૪ બકરાના મારણથી ફફડાટ

મહીસાગર જીલ્લાના સંતરામપુર ના સંત પાર્ક જંગલમાં નાઈટ વિઝન કેમેરામાં કેદ થયેલા વાઘ નું પગેરું મેળવવા જીલ્લા વનવિભાગ તંત્ર દ્વારા અલગ-અલગ ટીમો બનાવી સર્ચ ઓપરેશન હાથધરવાની સાથે જીલ્લાના જંગલ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના લોકોને સાવચેત રહેવા જણાવ્યું છે શુક્રવારે બપોરે શહેરા તાલુકાના બોરિયા-ગઢ ગામના જંગલ વિસ્તારમાં ચારો ચરવા ગયેલા બકરાઓ પર વાઘ ત્રાટકી ૪ બકરીઓનું મારણ કરી મિજબાની કરી જંગલમાં નાસી છૂટતા આજુબાજુના વિસ્તારો સહીત મહીસાગર જીલ્લાના પ્રજાજનો ભયથી થરથર થથરી ઉઠ્યા હતા.

ગઢ-બારિયાના જગલમાં



બકરીઓ ચરાવવા ગયેલા ગોવાળે ના જણાવ્યા અનુસાર આજે બકારાઓને લઈને ચારો ગામ નજીક આવેલા જગલમાં ચરાવવા જતા અચાનક જંગલની જાળીઓ માંથી ૧ વાઘ અને ૨ વાઘના બચ્ચાઓ સાથે બકરીઓના ટોળા પર ત્રાટકી હુમલો કરતા હું જીવ બચાવવા નાસી છૂટ્યો હતો વાઘ અને તેના પરિવારે ૪ બકરાનું મારણ કર્યુ હોવાનું જણાવ્યું હતું ગોવાળે ગ્રામજનો અને વનવિભાગને જાણ કરતા ઘટનાસ્થળે મોટીસંખ્યામાં ગ્રામજનો અને વનવિભાગ તંત્રની ટીમ પહોંચી તપાસ હાથધરી હતી.

મહીસાગર જીલ્લાના ડી.સી.એફ આર.એમ.પરમાર ના જણાવ્યા અનુસાર વાઘ જ્યાં પહેલી વાર શિક્ષકને જોવા મળ્યો હતો તે વિસ્તારમાં આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકો ને સાવચેત રહેવા અને જંગલમાં ન જવા જણાવ્યું હતું શુક્રવારે બપોરે ગઢ-બોરિયાના જંગલમાં બકરીઓ ચરાવવા ગયેલા ગોવાળ ની બકરીઓ પર વાઘ ત્રાટકી ૪ બકરીઓનું મારણ કર્યું હોવાનું જણાવ્યું હતું જયારે વાઘ સાથે તેના બે બચ્ચા હોવાની વાત ને પુષ્ટિ આપવાનું ટાળ્યું હતું.



### ગલબાકાકાની જન્મજયંતિ પર બનાસ ડેરી ખાતે પાઠવવામાં આવી સ્મરણાંજલિ

બનાસકાંઠાની જીવાદોરી એવી બનાસ ડેરીના આદ્યસ્થાપક ગલબાકાકાની આજે ૧૦૧મી જન્મજયંતિ નિમિત્તે તેઓને ડેરીના અગ્રણીઓ તથા કર્મચારીઓએ સ્મરણાંજલિ પાઠવી હતી. જિલ્લાના આર્થિક વિકાસમાં બનાસ ડેરીનો સિંહ ફાળો છે અને તેનો મજબૂત પાયો નાખનાર ગલબાકાકા આ જિલ્લાના પ્રત્યેક વ્યક્તિની સાથે સાથે સમગ્ર સહકારી વ્યવસ્થામાં પોતાના અગ્રિમ યોગદાન માટે ઓળખાય છે. ડેરીના અગ્રણીઓએ ગલબાકાકાએ સહકારી વિચારોના આધારે શરૂ કરેલી વિકાસયાત્રાને વધુ સંગીન ગતિથી આગળ વધારવાની પ્રતિબદ્ધતાને આ પ્રસંગે પુનઃ અભિવ્યક્ત કરી હતી.

## ભિલોડા પોલીસે ધોલવાણી ચાર રસ્તા નજીકથી કારમાંથી વિદેશી દારૂ સાથે બે શખ્સોને દબોચ્યા

ભિલોડા, તા. ૧૫

ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવવા બુટલેગરો નાના-મોટા વાહનો મારફતે અન્ય રાજ્યમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે. અમદાવાદ-ઉદેપુર ને.હાઈવે નં-૪૮ પરથી ભિલોડા તરફના માર્ગનો બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા ઉપયોગમાં લઈ રહ્યા છે.

ભિલોડા પોલીસે ધોલવાણી ચાર રસ્તા નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા મારુતિ-૮૦૦ કારમાં વિદેશી દારૂ ભરી પસાર થતા કારને અટકાવી તલાસી લેતા કારમાંથી રૂ. ૫૮૯૦૦નો વિદેશી દારૂ જપ્ત કરી કારચાલક સહીત અન્ય એક શખ્સ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ભીલોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સંગાડા અને તેમની ટીમે ચોકડી નજીક ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ધોલવાણી ચાર રસ્તા નજીક વાહનોનું ચેકીંગ હાથ ધરાતા કારમાંથી અને ડેકીમાંથી વિદેશી દારૂની અને બિયરની બોટલ નંગ-૨૮૧ કી.રૂ. ૫૮૯૦૦ તથા કારની કી. રૂ.૧૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૫૮૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી જગદીશ કમજી ભરાડા અને નેમા નાથા ભરાડા (રહે, કડિયાનાલા, ઉદેપુર રાજસ્થાન)ની ધરપકડ કરી બંને શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## હોડા પાસે ટ્રકની અડફેટે બાઈકસવાર પિતા-પુત્રી ઘાયલ

પાલનપુર તાલુકાના હોડા ગામ પાસે પુરઝડપે પસાર થઈ રહેલી એક ટ્રકે બાઈકને ટક્કર મારતા અકસ્માત થયો હતો. જેમા બાઈક સવાર પિતા-પુત્રી ઘાયલ થતા તેઓને સારવાર અર્થે ખસેડાયા હતા. ગઢ પાસે હોડા ગામ નજીક ગતરોજ ખસા ગામના વિનોદભાઈ મોહનભાઈ દરજી તેમની પુત્રી સાથે પાલનપુરથી બાઈક પર સવાર થઈ ખસા તરફ જઈ રહયા હતા. દરમ્યાન સામેથી ઈટો ભરી ને પુરઝડપે આવી રહેલ ટ્રકે બાઈક ને અડફેટે લેતા બાઈક સવાર પિતા પુત્રી રોડ સાઈડ મા ફગોળાતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે ઈજાગ્રસ્તોને લોકોની મદદથી સારવાર અર્થે ખસેડાયા હતા.

# પાલનપુરમાં દબાણ મુદ્દે પોલીસની હેરાનગતિ સામે વેપારીઓમાં રોષ

## વેપારીઓએ દુકાનો બંધ કરી વિરોધ જતાવતા એસ.પી.ને કરી રજુઆત

જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં ગતરોજ નગરપાલિકા દ્વારા દબાણ દૂર કરાવવા જતા લારીઓ વાળા તેમજ નગરપાલિકા આમને સામને આવી જતા હોબાળો થયો હતો. ત્યારે આજે પોલીસ દ્વારા ટ્રાફીક ઝુંબેશ હાથ ધરવામાં આવતા વેપારીઓ અને પોલીસ આમને સામને આવી જતા દિલ્હીગેટથી સિમલા ગેટ સુધીના વેપારીઓએ દુકાનો બંધ કરી જિલ્લા પોલીસવડાની કચેરીએ જઈ ન્યાયની ગુહાર લગાવી હતી.

પાલનપુર શહેરમાં વિકટ બનેલી ટ્રાફિક ની સમસ્યા હલ કરવા પોલીસ કટિબદ્ધ બની છે. ત્યારે ગતરોજ નગરપાલિકા દ્વારા સિમલા ગેટ વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી.જેમાં લારીના વેપારીઓ અને નગરપાલિકાનો સ્ટાફ આમને-સામને આવી જતા હોબાળો થતા દોડી આવેલી પોલિસે મામલો થાળે પાડ્યો હતો.

દરમિયાન આજરોજ પોલીસ દ્વારા દિલ્હીગેટથી સિમલાગેટ સુધી ટ્રાફીક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જ્યાં દુકાનોના વેપારીઓને દુકાનો બહાર મુકેલો સામાન અંદર મુકવાના મુદ્દે પોલીસ અને વેપારીઓ આમને સામને આવી જતા હોબાળો થયો હતો. જેથી વેપારીઓ દ્વારા પોલીસ ખોટી રીતે હેરાન કરતી હોવાના આક્ષેપો સાથે પોલીસ દમનના વિરોધમાં પોતાની દુકાનો બંધ કરી જિલ્લા પોલીસવડાની કચેરી ખાતે રજુઆત કરવામાં આવી હતી. જ્યાં જિલ્લા પોલીસવડા પ્રદીપ સેજુળે વેપારીઓને ટ્રાફિકની સમસ્યા દૂર કરવામાં સહયોગ આપવાનો અનુરોધ કરતા પોલીસની કથિત કનડગત સામે ઘટતું કરવાની ખાતરી આપી મામલો થાળે પાડ્યો હતો.



### પોલીસની દબંગગીરી સામે રોષ

પાલનપુરના સિમલાગેટથી દિલ્હીગેટ વિસ્તારના વેપારીઓએ મહિલા પીએસઆઈ સહિતના પોલીસકર્મીઓ ની કથિત પજવણી સામે રોષ ઠાલવતા પોતાના ધંધા રોજગાર બંધ કરી વિરોધ જતાવ્યો હતો. વેપારીઓના જણાવ્યા મુજબ, દુકાન બહાર અમે સમાન મુક્તા નથી. છતાં પોલીસ હેરાન કરે છે.

અમારી દુકાનની હદમાં લટકાવેલી ચીજ વસ્તુઓ પણ લઈ જવાની સાથે જાહેરમાં અપશબ્દો બોલી દબંગગિરી કરી હેરાનગતિ કરાતી હોવાના આક્ષેપો કર્યા હતા. આજે પણ પોલીસે જોહુકમી કરતા ના-છૂટકે રોષે ભરાયેલા વેપારીઓએ શટર પાડી દઈ વિરોધ જતાવ્યો હોવાનું જણાવ્યું હતું.